અરવલ્લી જિલ્લાના ૭૦થી વધુ પ્રણામી સંપ્રદાયના સુંદરસાથ ૧૨૦૦ કિમી પન્નાધામ પદયાત્રાનો પ્રારંભ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં પ્રણામી સંપ્રદાયના

અનુયાયીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે. પ્રણામી સંપ્રદાયના મુક્તિપીઠ મધ્યપ્રદેશમાં આવેલા પ, પદ્માવતી પુરીધામ પન્ના વિશેષ આસ્થાનું પ્રતીક છે. બંને જીલ્લાના ૧૦ થી વધુ ગામના લોકો મોડાસા તાલુકાના શ્રી નિજાનંદ સ્વામી ટ્રસ્ટ, સરડોઈના નેજા હેઠળ મંગળવારે સરડોઈથી પન્ના (મધ્યપ્રદેશ) સુધીની ૧૨૦૦ કિમી પદયાત્રામાં ૭૦ થી વધુ સુંદરસાથ સાથે ભક્તિભાવ પૂર્વક પ્રારંભ થયો હતો. પદયાત્રાનો ટીંટોઈ, સરડોઈ, પાલનપુર થઈ મોડાસા શહેરમાં પ્રવેશતા પ્રણામી સંપ્રદાયના લોકો દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

પદયાત્રા ૧૭ ઓક્ટોમ્બરના રોજ પન્ના પહોંચી પ્રણામી સંપ્રદાયના સ્થાપક મહામતિ શ્રી પ્રાણનાથજી હસ્તલિખિત ગ્રંથ સ્વરૂપ સાહેબ જેની ૧૮૭૫૮ ચોપાઈનું પઠન ૪૦૦ પારાયણ મહાયજ્ઞમાં ભાગ લેશે અને શરદ પૂર્ણિમા મહોત્સવમાં દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવશે. મોડાસા શહેરના માર્ગો "બોલ બોલ પંજે વાલે કી જય" અને પ્રાણનાથ પ્યારે કી જય" ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. પદયાત્રા પૂર્વે ટીંટોઈ અને સરડોઈ ગામે પદયાત્રા પૂર્વે સામૈયું અને ભજન સંધ્યા યોજી હતી.

તલોદ બ્રહ્મસમાજની સભામાં તેજસ્વી તારલાઓનું સન્માન

તલોદ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ નગરના બ્રહ્મ પરિવારો માટેનુ સંગઠન તલોદ બ્રહ્મસમાજની એક

સાધારણ સભા તલોદ ખાતે મળી હતી. જેમાં નોંધપાત્ર સંખ્યામાં વિપ્ર પરિવારોના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

તલોદ બ્રહ્મસમાજના પ્રમુખ જીતુભાઈ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને અને સાબરકાંઠા જિલ્લા પોલીસતંત્રના એસ.ઓ.જી. વિભાગના પો. ઈન્સ. એમ.ડી. ઉપાધ્યાયના મુખ્ય મહેમાનપદે મળી હતી. આ સભામાં ધો. ૧૦ અને ૧૨ના ઉત્તિર્ણથયેલા સમાજના તારલા સમા વિદ્યાર્થી ભાઈ-બહેનોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાનપદેથી બોલતા ઈન્સ્પેક્ટર ઉપાધ્યાયે વર્તમાન સમયમાં નક્કર સંગઠન અને અખંડ એકતાની અનિવાર્યતા ઉપર ભાર મુક્યો હતો. મંત્રી ભાર્ગવ વ્યાસે હિસાબો રજૂ કર્યા હતા. પ્રમુખ જીતુભાઈ ત્રિવેદીએ સમાજના સદસ્યો એકબીજાના પૂરક બની રહી પ્રગતિના સોપાન સર કરે તેવી હિમાયત કરી હતી.

સને. ૨૦૧૯ના સપ્ટેમ્બર માસ સુધીના ૧ વર્ષ માટે વર્તમાન હોદ્દેદારોની સમગ્ર ટીમને સર્વાનુમતે રિપીટ કરવાની ઘોષણા કરવામાં આવી હતી. જે મુખ્ય તલોદ બ્રહ્મસમાજના પ્રમુખ જીતુભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રવિણભાઈ રાવલ, મંત્રી ભાર્ગવભાઈ વ્યાસ, સહમંત્રી અમિતભાઈ જોષી, ખજાનચી કૌશિકભાઈ ત્રિવેદી અને આંતરિક ઓડિટર તરીકે હર્ષ ભટ્ટની સર્વાનુમતે પુનઃ વરણી કરવામાં આવી હતી.

સમાજના શ્રેષ્ઠીઓએ યોગ્ય સુચનો કર્યા હતા. જ્યારે નિવૃત્ત શિક્ષક ભાઈઓએ સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થીઓને જે તે વિષયલક્ષી શિક્ષણ 'વિના મૂલ્યે' આપવાની જાહેરાત કરી હતી. સ્વાગત પ્રવચન જે.આર. મહેતાએ, આભારવિધિ હરિભાઈ શાસ્ત્રીએ તથા સભાનુ સુચારૂ સંચાલન સહમંત્રી અમિત જોષીએ કર્યુ હતુ.

તલોદમાં શ્રીકૃષ્ણ મંદિર ખાતે ભવ્ય ધાર્મિક કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતે આવેલ શ્રીકૃષ્ણ મંદિર પરિસરમાં શ્રાવણ વદ અમાસને દિને રામઝુલા,

લક્ષ્મણઝુલા અને શ્રીરામ, લક્ષ્મણ, હનુમાનજી તથા રામભક્ત શબરીની ઝાંખીના ઐતિહાસિક દર્શનનું સુંદર-સફળ આયોજન કરવામાં આવ્યું હતું. બંને ઝુલાના નિર્માણ માટે સેંકડો કિલો લોખંડ, પ્લાયવુડ અને રસ્સાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મંદિરના સંચાલક મંડળ એવા શ્રી વૈષ્ણવ સમાજ ટ્રસ્ટના નેજા હેઠળ ઉત્સવ સમિતિ અને નટખટ બાલ ગોપાલ ગ્રૂપના યુવાન ભક્તોએ આ ઐતિહાસિક અને નવતર આયોજન માટે પ્રશંસનીય જહેમત ઉઠાવી હતી.

સમગ્ર ઝાંખીને તલોદ નગરપાલિકાના પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકીએ દિપ પ્રગટાવી શ્રીફળ વધેરી વિધિવત ખુલ્લી મુકી હતી. આ પ્રસંગે પાલિકાના ઉપપ્રમુખ, સદસ્યો તથા મંદિર પરિવારના ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ઝાંખીના દર્શન માટે લાંબી કતારો લાગી હતી. જ્યાં હજારો અબાલવૃદ્ધ ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

મોડાસા શહેરમાં વિવિધ સેવાકીય કાર્યો, પર્યાવરણ બચાવો, જીવદયા માટે સતત કાર્યશીલ સંસ્થા જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનની કાઉન્સલીંગ મિટિંગ મોડાસાના જેસીઝ હોલમાં પ્રમુખ વી.કે. પટેલ અને ઉપપ્રમુખ નિલેશ જોશીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં મોડાસા જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના પ્રમુખ નિકેશભાઈ પરમાર અને તેમની ટિમ દ્વારા આગામી સમયમાં મોડાસા શહેર અને અરવલ્લી જીલ્લામાં વિવિધ સેવાકીય કાર્યો કરવા અને જરૂરિયાતમંદ અને ગરીબ લોકોને વધુને વધુ ફાઉન્ડેશન થકી મદદ મળી રહે તે માટે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે તલાટીઓ દ્વારા આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તાલુકામાં તલાટી તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા તેમના પડતર માંગણીઓને લઈને પ્રાંતિજમાં બે જગ્યાએ આવેદનપત્ર આપ્યું હતુ.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા હકક અને સ્વમાન માટેની માંગણીઓને લઈને બ્લેક રીબીન દિવસ તરીકે મનાવી પ્રાંતિજ મામલતદાર આર.કે. પટણી તથા તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયાને પ્રાંતિજ તાલુકામાં ફરજ બજાવતા તલાટીઓ દ્વારા તેમના પડતર પ્રશ્નો અને માંગણીઓને લઈને મંડળના પ્રમુખ પટેલ વિનોદચંન્દ્ર એસ., ઉપપ્રમુખ દેવડા રામસિંહ બી., મંત્રી પટેલ કલ્પેશકુમાર આર. સહિત તાલુકા મંડળના તલાટીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપ્યું હતુ.

હિંમતનગરની વ્રજભુમિ સોસાયટીમાં ચોરી થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ વ્રજભુમિ સોસાયટીના એક મકાનમાંથી અજાણ્યા શખ્સો આઠ માસ અગાઉ રૂ. ૫૯ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ સોમવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ઘનશ્યામભાઈ ભાઈલાલભાઈ બારોટે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૧-૧-૨૦૧૮ની રાત્રે અજાણ્યા શખ્સોએ તેમના ઘરમાં પ્રવેશ કરી તિજોરીના ડીઝીટલ લોકરમાંથી રૂ. ૫૦ હજારનું સોનાનું ડોકીયુ, ચાંદીની શેરો તથા સિક્કા મળી રૂ. ૯ હજાર સહીત રૂ. ૫૯ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જેથી આઠ માસ બાદ ઘનશ્યામભાઈ બારોટે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ સોમવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

હિંમતનગર મહિલા કોલેજમાં સ્વરક્ષણ તાલીમ શિબીર યોજાઈ

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગરની મહિલા આર્ટસ કોલેજ ખાતે તાજેતરમાં મહિલા સ્વરક્ષણ તાલિમ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કરાટે એસોસિએશનના ટ્રેનરે ૧૦ દિવસ સુધી ચાલનારી આ શિબીર અંગે જાણકારી આપી યુવતીઓને સ્વરક્ષણ તાલિમ શિબીરમાં જોડાવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. દિનેશ પટેલ તથા કેળવણી મંડળના હોદ્દેદારો અને કોલેજ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

લાકડા આધારિત ઉદ્યોગોને આયાતી લાકડા માટે રાહત

વન અધિનિયમ હેઠળ લાયસન્સમાંથી મુક્તિ : લાકડા આધારિત ઉદ્યોગોના વિકાસ માટે નીતિનો અમલ

ગાંધીનગર,તા.૧૧

રાજ્યમાં વિવિધ ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તે માટે રાજ્યના મુખ્યમંત્રી દ્વારા અનેકવિધ પગલાં ભરવામાં આવ્યા છે. તાજેતરમાં વધુ એક મહત્વનો નિર્ણય રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. જે નિર્ણયના કારણે સમગ્ર રાજ્યમાંથી આયાતી લાકડા આધારિત ઉદ્યોગોના એકમોને લાયસન્સ મેળવવામાંથી મુક્તિ અપાઇ છે.

રાજ્ય સરકારના આ નિર્ણયના કારણે અગાઉ મુંબઈ અધિનિયમ અંતર્ગત આયાતી લાકડા માટે ઉદ્યોગકારોને જે લાયસન્સ મેળવવું ફરજિયાત હતું તેમાંથી હવે તા. ૦૫/૦૯/૨૦૧૮ના જાહેરનામાથી હવેથી આ લાઈસન્સ પ્રથામાંથી મુક્તિ આપવામાં આવી છે. હવેથી આયાતી લાકડા આધારિત સો-મીલ, વિનિયર, પ્લાયવુડ ઈન્ડસ્ટ્રી, એમએફડી ઈન્ડસ્ટ્રી વગેરે માટે હવે લાઈસન્સ લેવાની જરૂરિયાત રહેશે નહીં. તેના બદલે આવા ઉદ્યોગકારોએ ફકત નોંધણી કરાવવાની રહેશે. આ નોંધણીની પ્રક્રિયા પણ બિલકુલ સરળ રહેશે. આ જાહેરનામા પ્રમાણે પ્લાયવુડ પેસ્ટીંગ યુનિટ, સૂપૂર્ણ આયાતી લાકડા આધારિત ઉદ્યોગ, પાર્ટિકલ બોર્ડ, તથા એમડીએફ બનાવનારા એકમો તેમજ વહેરેલાં લાકડાનો ઉપયોગ કરી ફર્નિચર બનાવનારા એકમોને વન અધિનિયમ હેઠળ લાયસન્સ મેળવવામાં મુક્તિ આપવામાં આવી છે.

રાજ્યમાં ફક્ત ખેત પેદાશો તરીકેજાહેર થયેલા તેમજ ઝાડ કાપવા તથા વાહતુક પાસ મેળવવામાંથી મુક્તિ અપાયેલ વૃક્ષોની જાતના લાકડાના ઉપયોગ કરતા એકમોને પણ વન વિભાગ હેઠળ લાયસન્સ મેળવવાથી મુક્તિ આપવામાં આવી છે. આથી ગુજરાતમાં લાકડા આધારિત નવા ઉદ્યોગો સ્થાપવાની પ્રક્રિયાને વેગ મળશે અને લાકડા આધારિત ઉદ્યોગોથી ગુજરાતમાં રોજગારીની નવી તક ઉભી થશે. આ સિવાય વિનિયર આધારિત ઉદ્યોગોને પણ હવે લાયસન્સમાંથી મુક્તિ અપાઈ છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી ખેડૂતોને એગ્રો ફોરેસ્ટ્રી માટે પ્રોત્સાહન મળશે અને તેમને લાકડા આધારિત ખેતીનું વધુ વળતર મળી શકશે. લાકડા આધારિત ઉદ્યોગોનો કાર્બન ફૂટપ્રિન્ટ ઓછોહોય છે. જેથી કલાયમેટ ચેન્જની અસરો ઓછી કરવા માટે ઉપયોગી થશે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ભગવાન સત્યનારાયણની કથા યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પવિત્ર શ્રાવણ માસ પૂર્ણ થતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.બી. પટેલ દ્વારા ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ કિરીટભાઈ પરિવાર સાથે ભગવાન સત્યનારાયણની કથાનો લાભ લીધો હતો.

વિકાસકામો માટે સાંસદ પરેશ રાવલે ૭૫ લાખની ગ્રાન્ટ ફાળવી

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે આજે અમદાવાદ પુર્વના સાંસદ પરેશ રાવલે તેમના વિસ્તારના કાર્યકર્તાઓ સાથે બેઠક કરી વિકાસના કામો તેમજ અન્ય પ્રશ્નોની ચર્ચા કરી હતી. જયારે વિકાસના વિવિધ કામો માટે રૂ ૭૫ લાખની ગ્રાન્ટ ફાળવવા માટે જાહેરાત પણ કરી હતી. આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના ફિરોજપુર ગામના નેશનલ હાઈવે નં -૮ ના ગરનાળાના ગંભીર પ્રશ્ન હતો તેનુ પણ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાને રજુઆત કરી નિરાકરણ કરવામાં આવ્યુ છે. આ બેઠક દરમિયાન જિલ્લા પ્રમુખ નૈલેષભાઇ શાહ મહામંત્રી આઇ બી વાઘેલા તાલુકા પ્રમુખ સહીત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા તલાટી મંડળ દ્વારા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું

અરવલ્લી જીલ્લા તલાટી મંડળ દ્વારા તેમની વિવિધ પડતર માંગણીઓ લઈને તાલુકાકક્ષાએ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવાના કાર્યક્રમ અંતર્ગત મોડાસા તલાટી મંડળ કાળી રીબીન ધારણ કરી મોડાસા જીલ્લા સેવા સદન ખાતે મામલતદાર અને તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી કચેરી બહાર ન્યાયની માંગ કરી હતી. તલાટી મંડળના જણાવ્યા અનુસાર તેમની વિવિધ પડતર માંગણીઓનું નિરાકરણ નહિ આવે તો સમગ્ર ગુજરાતમાં તલાટી કર્મચારીઓ દ્વારા ૨ ઓક્ટોમ્બરથી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામે બાળકોને તિથિ ભોજન અપાયું

ખેડબ્રહ્મા તાલુકાના ઉચીધાનલ ગામમા જોશી મણિલાલ કાશિરામની શ્રદ્ધાંજલિ નિમીતે કાંડા, તુવર, વિખરણ, ઊંચીધનાલ પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલ અને ૩ બાલમંદિર ના ૧૩૦૦ બાળકોને ચિરાગભાઈ જોશીએ અને પરીવાર તરફ થી તિથી ભોજન આપાયું હતું.

નામ રદ કરાયા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગાંધીનગર માર્કેટયાર્ડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટે ૪૭૩ જેટલા મતદારો નોંધાયા છે. જેમાં ખેડૂત વિભાગમાં ૪૪૩, વેપારી મંડળમાં ૨૮ અને સહકારી સંસ્થાઓમાં બે મતદારો હવે નોંધાયેલા રહે છે.

ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રારના આ નિર્ણયને પગલે જિલ્લાના સહકારી જગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. હજુ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા નવરાત્રિ પછી શરૂ થવાની છે પણ હાલના સત્તાધારી જૂથને આ નિર્ણયથી ભારે ફટકો પડ્યો હોવાની વાતો સહકારી જગતમાં શરૂ થવા પામી છે.

વિકલ્પ આપે...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તંત્રના અધિકારીઓ સ્થળ મુલાકાત લઈ હેતુફેર ઉપયોગ બંધ કરવા માટે સુચના આપતા તબીબી આલમમાં પણ ચિંતા પેઠી છે. દર્દીઓ માટે પીડાશામક ગણાંતા આ વિસ્તારમાં હાલ ડોકટરો શિરદર્દનો શિકાર બન્યા છે. રહેણાંક વિસ્તારમાં દવાખાના બંધ કરવાની તંત્રની સુચનાથી તબીબી આલમમાં હલચલ મચી છે. નગરમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન છે. સેકટરમાં છેલ્લા બે અઢી દાયકાથી ધમધમતા આ દવાખાના બંધ થશે હવે શુ થશે.. નગરજનોમાં પણ આ મામલે અનેક સવાલો મંડરાયા છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સારવાર માટે આવતા દર્દથી કણસતા દર્દીઓમાં પણ અનેક તર્ક વિતર્ક થઇ રહ્યા છે. બીજીતરફ ડોકટરોએ પણ આ મામલે અનેકવાર રજુઆતો કરી હોવાછતા કોઈ કાયમી વ્યવસ્થા ઉભી કરવા માટે સરકારે તૈયારી દર્શાવી ન હોવાનો રોષ વ્યકત કર્યો છે. વિજબીલ , પાણીવેરા સહીતના બીલો કોર્મશિયલ ધોરણે ચુકવતા ડોકટર્સ મેડીકલ એસોસિએશન સાથે બેઠકનો દૌર કરીને આ મુદ્દે આગળની નીતી તૈયાર કરશે. શહેરમાં કોર્મશિયલ જગ્યાનો અભાવ છે. તેવા સુર ઉઠાવતા ડોકટરોએ અગાઉ બજાર કીંમતે પ્લોટ માટે પણ રજુઆત કરી હતી. હવે દર્દીઓ દવાખાનામાં દાખલ છે ત્યારે શુ કરવુ એ પણ તબીબો માટે મુંઝવણની સ્થિતિ છે. સે-૭ ના તબીબી આલમે પોતાના વિચારો વ્યકત કર્યા છે.

કડડભૂસ...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અફડાતફડીનો દોર રહ્યો હતો. દક્ષિણ કોરિયન શેરમાં ૦.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. શાંઘાઈમાં ૦.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. એશિયન શેરબજારમાં સતત નુકસાનને ટાળવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે. બીજી બાજુ અમેરિકા અને ચીન વચ્ચે જારી ટ્રેડવોરને લઈને પણ વેપાર જગતમાં ચિંતા પ્રવર્તી રહી છે. અમેરિકા દ્વારા ચીન ઉપર વધુ આયાત નિયંત્રણો લાગૂ કરવાની તૈયારી કરવામાં આવી ચુકી છે.

મોડાસામાં સફાઈ અભિયાન સાથે જેસીઆઈ સપ્તાહ ઉજવણીનો પ્રારંભ

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં વિવિધ સેવાકીય કાર્યો સાથે સંકળાયેલી જેસીઆઈ મોડાસા દ્વારા મોડાસા શહેરમાં મોડાસાને સ્વચ્છ બનાવો, પ્લાસ્ટિક મુક્તના બેનરો સાથે વૃક્ષ વાવો સાથે દેશ બચાવોના સમર્થનમાં ભારતભરમાં ચાલનાર સયુંકત

જેસીઆઈ સપ્તાહ ઉજવણીનો પ્રારંભ રવિવારે મોડાસા ચાર રસ્તા સહીત બસ સ્ટેન્ડ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરી પ્રારંભ કર્યો હતો. જે.સી.આઈ પરિવાર દ્વારા નગરને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના સંકલ્પ સાથે નગરના મુખ્ય માર્ગ પર સફાઈ હાથ ધરી માર્ગ પર પડેલ પ્લાસ્ટિકના કચરાને દૂર કરી, અભિયાનમાં જોડાઈ અને જોડાવવા જેસીઆઈ પરિવારે નાગરિકોને આહવાન કર્યું હતું. જેસીઆઈ મોડાસાના પ્રમુખ અલ્પેશ પટેલના જણાવ્યા અનુસાર ૧૫ સપ્ટેમ્બર સુધી ચાલનારા સેવાકીય સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ લોક ઉપયોગી અને જનજાગૃતિના કાર્યક્રમો યોજાશે.

ખીણમાં ખાબકી...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

માહિતી આપતા કહ્યું છે કે, હાલના સમયની સૌથી મોટી બસ દુર્ઘટના સર્જાઈ છે. ઘાયલ થયેલા લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બસ કોન્ડાગટ્ટના હનુમાન મંદિરથી જગતિયાલ તરફ વધી રહી હતી ત્યારે રસ્તામાં બસની બ્રેક ફેઈલ થઈ જતાં બસ ખીણમાં ખાબકી ગઈ હતી. ખીણમાં ખાબકી જતાં પહેલા આ બસ ચાર વખત પલટી મારી ગઈ હતી. મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે આ બસ દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કરીને મૃત્યુ પામેલા અંગે આઘાત વ્યક્ત કર્યો છે. સાથે સાથે ઘાયલ થયેલા લોકોને વહેલી તકે ઝડપથી સારવાર મળે તેવી ઈચ્છા વ્યક્ત કરી છે. પ્રદેશ સરકારે આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારના સભ્યોને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. ઘાયલ થયેલા લોકોને પણ તમામ મદદ આપવાની જાહેરાત કરવામાં આવી છે. મૃત્યુ પામેલા લોકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તેમની ઓળખ કરવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. આ તમામ ભોગ બનેલા લોકો ધાર્મિક સ્થળ ઉપર જઈ રહ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી ધાર્મિક સ્થળ શ્રીઅંજને સ્વામી ખાતે ભારે ભીડ હતી. આ સ્થળ ઉપર તમામ લોકો જઈ રહ્યા હતા.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : અરવલ્લી — તા. ૧૩/૮/૨૦૧૮

ક્રમાંક : અમ-૨૦૧૮-૬૨૮-મ-જઅવ-૧૨૧૮-૧૪૧૧-ચ

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જાહેર અનુસૂચિતમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની મોડાસા - શામળાજી નવીન બ્રોડગેજ રેલવે લાઈન નાખવાના જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

૧. આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી સદરહુ અધિનિયમ તેમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની દરખાસ્ત રજૂ થયેલ છે ત્યારે આ પ્રોજેક્ટ માટેસંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૧૦-૦૯-૮૩ તે અરવલ્લી જિલ્લાની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે ઉક્ત પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧૦-૦૯-૮૩ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓ અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૬ની ગુજરાત અધિનિયમ-૧૨મોની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં મોડાસા - શામળાજી નવી બ્રોડગેજ રેલવે લાઈન બનાવવાના જાહેર હેતુ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ હે.આરે.ચો.મી. ૧૦-૦૯-૮૩ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

મોડાસા-શામળાજી નવીન બ્રોડગેજ રેલવે લાઈન નાખવાના જાહેર હેતુ માટે.

અનુસુચિ

જિલ્લો : અરવલ્લી — તાલુકો : મોડાસા — ગામ : બોલુન્દ્રા

સર્વે નંબર	જરૂરી જમીનનો વિસ્તાર હે.આરે. પ્રતિ ચો.મી.	સર્વે નંબર	જરૂરી જમીનનો વિસ્તાર હે.આરે. પ્રતિ ચો.મી.
૨૧૮	૦-૮૦-૨૯	૫૨૭	૦-૧૬-૫૫
૨૪૦	૦-૫૬-૧૮	૫૩૯	૦-૭૭-૯૩
૨૫૮	૦-૦૬-૫૬	૫૪૦	૦-૨૬-૪૦
૨૬૩	૦-૭૭-૩૪	૫૪૧	૦-૧૫-૫૨
૨૬૦	૦-૦૦-૭૨	૫૪૨	૦-૧૦-૫૨
૨૮૪	૦-૧૯-૮૧	૫૪૪	૧-૧૩-૩૬
૨૮૭	૦-૨૭-૭૫	૫૪૫	૦-૨૬-૦૦
૨૯૨	૦-૩૯-૪૮	૫૪૭	૦-૦૧-૨૨
૨૯૪	૦-૦૨-૯૮	૫૪૮	૦-૦૨-૨૩
૨૯૫	૦-૨૮-૨૯	૫૪૯	૦-૧૭-૭૮
૨૯૮	૦-૦૦-૯૩	૫૫૦	૦-૧૯-૮૯
૩૨૯	૦-૦૦-૫૮	૫૫૧	૦-૧૨-૨૬
૩૫૪	૦-૦૩-૩૪	૫૭૮	૦-૦૩-૪૩
૩૬૪	૦-૧૧-૩૨	૫૮૦	૦-૧૫-૦૮
૩૬૫	૦-૧૩-૧૮	૫૮૧	૦-૧૫-૦૮
૩૬૬	૦-૫૯-૯૭	૫૮૩	૦-૨૦-૩૩
૩૬૯	૦-૧૮-૮૪	૫૯૨	૦-૬૩-૦૩
૫૧૯	૦-૪૯-૨૨	૬૦૯	૦-૦૫-૭૦
૫૨૫	૦-૭૬-૫૮		
		કુલ -	**૧૦-૦૯-૮૩**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ. જે. રાઠોડ)

ઉપસચિવ

માહિતી/હિંમત/૩૦૫/૧૮ — મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર